# સરકારી વિજ્ઞાન કોલેજ

# ગાંધીનગર

# વર્ષ- ૨૦૧૭-૧૮

# નિયમિત પ્રવૃતી નો

# અહેવાલ

## NSS ACTIVITY YEAR-2017-18

## Activity-1 વિશ્વ યોગ દિવસ ઉજવણી

નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર અને એન. એસ. એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ના સયુંક્ત ઉપક્રમે કોલેજના BISAG હોલ ખાતે તા. ૨૧-૦૬-૨૦૧૭ નાં રોજ વિશ્વ યોગ દિન ની ઉજવણી કરવામાં આવેલ જેમાં મુખ્ય માર્ગદર્શક અને યોગ શિક્ષક તરીકે શ્રી રણછોડભાઈ રથવી સાહેબ (NSS PO, અશ્વિનભાઈ કોમર્સ કોલેજ, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગરનાં કો-ઓર્ડીનેટર શ્રી રજનીકાંતભાઈ સુથાર, કોલેજ નાં આચાર્ય ડો. કે. જી. છાયા, એન. એસ. એસ.. પ્રોગ્રામ ઓફિસર ડો. યુ. પી. તરપદા, કોલેજનો ટીચીંગ, નોનટીચીંગ સ્ટાફ, NSS અને NCC ના વિધાર્થીઓ સહીત કુલ **૧૫૦** જેટલા લોકોએ આ કાર્યક્રમમાં જડાઈ ને સરકાર શ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ કોર્ષ અનુસાર યોગા કર્યા હતા. અંતમા આ કાર્યક્રમને સફળ બાનાવવા બદલ એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફીસર ડો. યુ. પી. તરપદા તથા કોલેજ ના આચાર્યશ્રી ડો. કે. જી. છાયા દ્વારા સર્વે ને અભિનંદન પાઠવી આભાર માનવામાં આવ્યો હતો.











# Activity-2 મતદાન જાગૃતિ અભિયાન રેલી

એન. એસ. એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨૦/૦૭/૨૦૧૭ નાં રોજ "મતદાન જાગૃતિ અભિયાન" અંતર્ગત સેક્ટર-૧૬, ઘ-૫ સર્કલ, ગાંધીનગર થી પથીકા આશ્રમ, ગાંધીનગર સુધી મતદાન જાગૃતિ ના સુત્રો સાથે વિશાળ રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં કોલેજના એન. એસ. એસ. એકમના ૫૦ વિધાર્થીઓ સહીત એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. યુ પી. તરપદા જોડાયા હતા. તેમજ ૬૦ જેટલા વિધાર્થીઓ તા. ૦૨/૧૨/૨૦૧૭ નાં રોજ વાવોલ ખાતે યોજાયેલ મતદાન જાગૃતિ રેલી માં જોડાયેલ હતા. ૩૬ ગાંધીનગર (ઉ) વિધાનસભા મતદાર વિભાગ ગાંધીનગરમાં આવતા મતદાતા કે જેમના પુત્ર/પુત્રી કે જે ચાલુ વર્ષે સરકારી વિજ્ઞાન કોલેજ સેક્ટર-૧૫ માં અભ્યાસ કરે છે તેમના મારફત **૨૭૫ સંકલ્પ પત્રો** ભરવામાં આવ્યા હતા અને મદદનીશ મતદાર નોંધણી અધિકારી, ૩૬ ગાંધીનગર (ઉ) વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર ગાંધીનગર ને સોપવામાં આવેલ હતા.










## Activity-3 વૃક્ષારોપણ કાર્યક્રમ

NSS એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર અને હેપી યુથ ક્લબ ગાંધીનગર ના સયુંકત ઉપક્રમે ૭૧ માં સ્વાતત્ર વર્ષની ઉજવણી અંતર્ગત તા. ૦૫/૦૮/૨૦૧૭ નાં રોજ સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનાં પટાંગણમા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. કે. જી. છાયા, NSS પ્રોગ્રામ ઓફીસર ડો. યુ. પી. તરપદા, હેપી યુથ ક્લબ તરફ પ્રમુખ શ્રી સુધીરભાઇ અને મંત્રી શ્રીહરકીશસિંહ વાઘેલા તથા NSS એકમનાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ ની શરુઆત જમ્મુ કાશ્મીરમા સહીદ થયેલ જવાનો, અમરનાથ યાત્રામા પોતાનો જીવ ગુમાવેલ યાત્રીઓ તથા તાજેતરમા ગુજરાતમા આવેલ અતિવૃસ્ટીને કારણે પોતાનો જીવ ગુમાવનાર ને શ્રધાંજલી અર્પણ કરીને કરી હતી. વર્ષ- ૨૦૧૮ મા ૭૧ મો સ્વતંત્ર દિવસ ની ઉજવણીના ભાગ રૂપે ૭૧ થી વધુ વૃક્ષો (૮૦) નુ વાવેતર કરી આ વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવવામા આવ્યો હતો. કોલેજના NSS એકમનાં સ્વયંસેવક દ્વારા ૧-૧ વૃક્ષ દતક લઇ વર્ષ દરમ્યાન તેની દેખરેખ નુ બિડુ ઉપાડવામાં આવ્યુ હતુ.










## Activity-4 થેલેસિમીયા તપાસ શિબિર

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના પટાંગણમા કોલેજના એન. એસ. એસ. એકમ અને રેડક્રોસ સોસાયટી, અમદાવાદ ના સયુક્ત ઉપક્રમે તા. 16-11-2017 ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે થેલેસિમીયા તપાસ શિબિર નુ આયોજન કરેલ. જેમા બી.એસ. સી. સેમ-૧ ના ૪૭૨ વિદ્યાર્થીઓ ની થેલેસિમીયા તપાસ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રી ડો. કે. જી. છાયા અને એન.એસ. એસ. પ્રોગ્રામ ઓફીસર ડો. યુ. પી. તરપદા ની અધ્યક્ષતામાં કરવામાં આવ્યો હતો.






## Activity-5 પર્યાવરણ જાગૃતિ

પર્યાવરણ એ દરેક ને સ્પર્શતી બાબત છે અને એ પણ એટલું જ સત્ય છે કે જો આપણે પર્યાવરણને ટકાવી રાખશું તો જ અપને ટકીશું આ મુદ્દા ને ધ્યાને લઈને આજના યુવાનોમાં પર્યાવરણ વિષે જાગૃતતા ની સમજ આવે તેની અગત્યતા અને જાળવણી ની જવાબદારી મળી રહે તે હેતુ થી સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર અને ગુજરાત નેશનલ લૉ યુનિ ના સંયુક્ત ઉપક્રમે એક અઠવાડિયા માટે તા. ૧૦/૧૨/૨૦૧૮ થી ૧૬/૧૨/૨૦૧૮ દરમ્યાન પર્યાવરણ જાગૃતતા કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કોલેજ ના 45 યુવાનો એ ભાગ લીધો હતો. રિસોર્સ પર્સન તરીકે લૉ યુનિવર્સિટીના ડૉ. થૉમસ મેથ્યુઝ દ્વારા નીશુલ્ક સેવાઓ આપવામા આવેલ હતી. એક અઠવાડિયા ના આ કાર્યક્રમમા ઓકસીજનના વપરાશ અને કાર્બન ન્યુટ્રાલીટી, ન્યુકલીયર પ્રયોગોથી પર્યાવરણને થતુ નુકસાન અને અટકાવવા ના ઉપાયો તેમજ પર્યાવરણના કાયદા ની જોગવાઈઓ વીશે વીસ્તૃત માહીતી આપી હતી. પર્યાવરણ જાગૃતતા કાર્યક્રમના પુર્ણાહૂતી પ્રસંગે સરકારી વીજ્ઞાન કોલેજના આચાર્ય ડો. કે. જી. છાયા તરફ થી ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી નો તથા ડૉ. થૉમસ મેથ્યુઝ નો આભાર માનતા જણાવ્યુ હતુ કે શુધ્ધ ખોરાક વીના દીવસો ચલાવી શકાય, શુધ્ધ પાણી વીના કલાકો ચલાવી શકાય પણ શુધ્ધ હવા વીના મીનીટો પણ ચલાવી શકાતુ નથી માટે પર્યાવરણ નુ જતન કરવુ જરુરી તેમજ અનીવાર્ય છે. તથા કોલેજ ને સામાજીક જવાબદારી નીભાવવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન કોલેજ એન.એસ.એસ. યુનીટના પ્રોગ્રામ ઓફીસર ડો. ઉમેશ તરપદા એ કર્યુ હતુ.





## Activity-6 વિશ્વ HIV દિવસ ની ઉજવણી

એન. એસ. એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર દ્વારા તા. ૦૧-૧૨-૨૦૧૭ નાં રોજ વિશ્વ એઇડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેના મુખ્ય વક્તા તરીકે શ્રી કેયુર જયસ્વાલ (જિલ્લા ક્ષય કેન્દ્ર, ડી. પી. એન. સી. સી ગાંધીનગર) તથા જિલ્લા કાનુની સેવા સતા મંડળ ગાંધીનગર ના પેરાલીગલ વોલન્ટીયર શ્રી સુધીરભાઈ દેસાઇ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ માં કોલેજ નાં આચાર્યશ્રી ડો. કે. જી. છાયા, એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. યુ. પી. તરપદા તથા કોલેજનો સ્ટાફ સહિત કુલ ૧૦૦ જેટલા વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કેયુર જયસ્વાલ દ્વારા એઇડ્સ ફેલાતો અટકાવવા તેમજ એચ આઈ વી વિષે પ્રાથમિક સમજણ આપવામાં આવી હતી. શ્રી સુધીર દેસાઇ દ્વારા કાયદાકીય રીતે એચ આઈ વી દર્દી ને મળતા ફાયદા વિષે સમાજ આપવામાં આવી હતી.









## Activity-7 (સ્વામીવિવેકાનંદ જયંતિ ૧૨/૦૧/૨૦૧૮)

સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ના BISAG હોલમાં કોલેજના એન. એસ. એસ. એકમ તથા ગ્રંથાલય વિભાગ નાં સંયુક્ત ઉપક્રમે તા. ૧૨-૦૧-૨૦૧૮ ના રોજ સ્વામી વિવેકાનંદ ની ૧૫૬ મી જન્મ જયંતી નિમિતે "**યુથ મેનેજમેન્ટ**" વિષય પર એક દિવસીય સેમીનાર નુ આયોજન કરેલ હતુ. આ સેમીનારમા શ્રી સુરેશભાઇ મરાઠા (રામ કૃષ્ણ પરમહંસ મિશન વિજાપુર), બકુલેશભાઈ ધોળકિયા (નિવૃત આચાર્ય અને રામકૃષ્ણ આશ્રમ વડોદરા), કોલેજના આચાર્ય ડૉ. કે. જી. છાયા (વર્ગ-૧, શિક્ષણ વિભાગ), એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. યુ પી. તરપદા, લાઈબ્રેરી ઓફિસર જયશ્રીબેન તથા કોલેજ નો સ્ટાફગણ ઉપસ્થીત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમા કોલેજના એન. એસ. એસ. એકમ સહીત ના કુલ ૮૦ જેટલા વિધાર્થીઓ એ ભાગ લીધો હતો. આ સેમીનારની સાથે તા. ૧૨/૦૧/૨૦૧૮ થી ૧૫/૦૧/૨૦૧૮ ચાર દિવસીય વાંચન શિબિર નું પણ આયોજન કરેલ હતું જે અંતર્ગત બપોરે ૧:૦૦ વાગ્યે શ્રી બકુલભાઈ નાં વરદ હસ્તે આ સીબીરનું વિમોચન કરવામાં આવેલ ત્યાર બાદ યુથ સેમીનાર યોજેલ. કોલેજના પટાંગણમા રામ કૃષ્ણ પરમહંસ મિશન વિજાપુર દ્વારા સ્વામી વિવેકાનંદજી ના જીવન આધરીત પુસ્તક પ્રદર્શન રજુ કરવામા આવ્યુ હતુ તથા રામકૃષ્ણ આશ્રમ વડોદરા દ્વારા વિવેક રથ કોલેજ માં લાવી ને સ્વામી વીવેકાનંદ પરના પુસ્તકો તથા જીવન દર્શન કરાવતા પોસ્ટર નું પ્રદર્શન યોજાયેલ હતું જેનો બહોળી સંખ્યામાં વીધાર્થીઓએ લાભ લીધો હતો. યુથ સેમિનારમાં શ્રી સુરેશભાઇ મરઠા દ્વારા વિધાર્થીઓને યુથ મેનેજમેન્ટ અને વિવેકાનંદજીના જીવન વિશે વ્યાખ્યાન આપવામા આવ્યુ હતુ. સુરેશભાઇ એ તેમના વ્યાખ્યાનમા રામ કૃષ્ણ પરમહંસ નો જન્મ સામાન્ય લોકો માટે, પોતાની જાતમા શ્રધા રાખવી તથા આજનુ યુવા ધન રાષ્ટ્ર નુ નિર્માણ કઈ રીતે કરી શકે તે તેમની આગવી સૈલી મા સમજાવ્યુ હતુ. ત્યાર બાદ શ્રી બકુલેશભાઈ દ્વારા વિવેકાનંદ નાં જીવન વિષે જાણવા વિધાર્થીઓ એ કયા પુસ્તક વાચવા જોઈએ તેની માહિતી આપી હતી. બકુલેશભાઈ દ્વારા જીજ્ઞાશા જાગાવે તેવા વિવેકાનંદ નાં અનેક પ્રસંગો વિધાર્થીઓ સમક્ષ પુસ્તકના નામ સાથે વિધાર્થીઓ સમક્ષ રજુ કર્યા હતા.ત્યાર બાદ કોલેજના આચાર્યશ્રી ડૉ. કે. જી. છાયા (વર્ગ-૧, શિક્ષણ વિભાગ) દ્વારા વિવેકાનંદ નો પરિચય કરાવી વિધાર્થીઓ ને મન અને મગજ વચ્ચેનો ભેદ સમજાવ્યો હતો અને મગજ ક્યારે મન બને છે તે વિષય પર રાષ્ટ્રનો વિકાસ સ્વામી વિવેકાનંદના દર્શાવેલ માર્ગ પર ચાલી કઇ રીતે કરી શકાય તે

અંગે માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ. ડૉ. છાયા સાહેબ એ વિવેકાનંદ દ્વારા ૩૯ વર્ષ માં થયેલ સિદ્ધિ વર્ણવેલ અને જો આ યોગ પુરસ ૧૦૦ વર્ષ જીવ્યા હોત તો ખરેખર આ દેશ આજે વિશ્વમાં ટોચ પર હોત તેવું કહ્યું હતું. આ સેમિનાર માં વિધાર્થેઓ દ્વારા સાહિત્ય ડાયરો પણ રાજુ કરવામાં આવ્યો હતો તથા ૧૦ જેટલા વિધાર્થેઓ એ વિવેકાનંદ અને યુથ વિષય પર યોજાયેલ વકૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અંતમા ડૉ. યુ. પી. તરપદા એ સર્વેનો આભાર માની આભાર વિધી વ્યક્ત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. યુ. પી. તરપદા તથા લીબ્રેરી કમિટી દ્વારા કરવામાં આવ્યુ હતુ.






<u>**Activity-8 ડીપ્રેશન & સુસાઈડ પ્રેવેન્સન સેમીનાર**</u>

સિવિલ હોસ્પિટલ ગાંધીનગર અને એન. એસ. એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર નાં સંયુક્ત ઉપક્રમે તા. ૦૫/03/૨૦૧૮ નાં રોજ કોલેજના BISAG હોલ ખાતે ડીપ્રેશન & સુસાઈડ પ્રેવેન્સન વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરેલ જેમાં ૮૬ વિધાર્થીઓએ ભાગ લીધો હતો આ સેમીનાર આ સેમિનાર નાં મુખ્ય વક્તા ડો. અરિજિત કે જેઓ સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે સાઈકોલોજીસ્ટ તરીકે સેવા આપે છે. વિધાર્થીઓ દ્વારા બોહળી સંખ્યામાં પ્રશ્નોતારી પણ થઇ હતી.










## Activity-9 ગાંધીનગર જિલ્લા ઇન્ટર કોલેજ વિધાર્થી મોક સંસદ

એન. એન. એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ સેક્ટર-૧૫ દ્વારા તા. ૦૯/03/૨૦૧૮ નાં રોજ ગાંધીનગર જિલ્લા ઇન્ટર કોલેજ વિધાર્થી મોક સંસદ નું આયોજન કરેલ. આ સેમિનાર કોલેજના આચાર્યશ્રી ડો. કે. જી. છાયા દ્વારા સોઉંને આવકારી ખુલ્લો મુકવામાં આવેલ જેમાં સતા પક્ષાના ૨૦ સભ્યો અને વિપક્ષ નાં ૧૫ સભ્યોની રચના કરવામાં આવી હતી તથા કોલેજનો વિદ્યાર્થી મેહુલનેસ્પીકર બનાવવામાં આવ્યો હતો. આ સેમિનાર માં ગાંધીનગર જીલ્લાની અન્ય ત્રણ કોલેજોના ૭-૭ વિધાર્થીઓ જોડાયા હતા. આ સમગ્ર સેમેનારનું આયોજન એન. એસ. એસ.પ્રોગ્રામ ઓફિસર ડો. યુ. પી. તરપદા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કોલેજના પ્રોફેસર ડો. ડી. એસ. ગાંધી, વી. એન. દવે, એન. સી. સી. ઓફિસર જીજ્ઞાશા વાઘેલા તેમજ લાઇબ્રેરીએન જયશ્રીબેન વગેરે જોડાયા હતા અને તેમને મોક પાર્લામેન્ટ માં ખૂટતી સરકારી જગ્યા પૂરી પાડી હતી. આ સંસદ માં કુલ બે બિલ રાજુ કરવામાં આવ્યા હતા જે પૈકી આજની શિક્ષણ વ્યવસ્થા અને તેમ જરુરી સુધારા અંગેનું બિલ સારવાનું માતે પસાર થયું હતું જ્યારે સામાજિક કલ્યાણ ક્ષેત્રને સ્પરસતુ બીલ પસાર થઇ શક્યું ન હતું.





# વર્કશોપ તથા સેમિનારમાં સહભાગિતા

| ક્રમ | વર્કશોપ તથા સેમિનાર | તારીખ | વિધાર્થીઓના/ સહભાગિના નામ |
|---|---|---|---|
| ૧. | એન. એસ. એસ. મોક પાર્લામેન્ટ –KCG, અમદાવાદ | ૨૮/૦૧/૨૦૧૮ | ૧. પરમાર ભાવેશ ડી. ૨. પરમાર રુચિત જે. |
| | | | ૩. પ્રિયદર્શી ઉન્નતિ જે. ૪. ચાવડા ભાગ્યેશ એમ. |
| | | | ૫. કલાથિયા પારશ એસ. ૬. પટેલ માનુસ વાય. |
| | | | ૭. ગઢવી મેહુલ પી. ૮. પ્રજાપતિ હર્ષ એસ. |
| | | | ૯. બ્રહ્મભટ યશ બી. ૧૦. ચોધરી નીતેશ બી. |
| | | | ૧૧. જાદવ ગૌતમ એસ. ૧૨. મોરી રિધ્ધી કે. |
| | | | ૧૩. પરમાર હર્સિદા એન. |
| | | | ૧૪. કનેટીયા પ્રિયંકા બી. |
| | | | ૧૫. મલેક તાબસુજા આઈ. |
| ૨. | ગુજરાત યુનિવર્સીટી ઇન્ટર કોલેજ વર્ક કેમ્પ, લિમ્બડિયા ગામ . | ૨૫/03/૨૦૧૮ થી ૩૧/03/૨૦૧૮ | ૧. પરમાર રુચિત જે. ૨. જાદવ ગૌતમ એસ. |
| | | | ૩. પ્રજાપતિ હર્ષ એસ. ૪. પટેલ માનુસ વાય. |
| | | | ૫. ચાવડા ભાગ્યેશ એમ. ૬. નાયક જય |
| | | | ૭. કળાથિયા પારાશ એસ. ૮. રાઠોડ હાર્દિક પી. |
| | | | ૯. પરમાર ભાવેશ ડી. |
| | | | ૧૦. ચોધરી નીતેશ ડી. |

આભાર સહ,

**(ડૉ. કે. જી. છાયા)**
આચાર્યશ્રી
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર

**(ડૉ. યુ. પી. તરપદા)**
એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર